અમે આ મટીરીયલ ધોરણ 5 થી ધોરણ 12ની ગુજરાતીને અને ગુજરાત ભાષાનિયામક કચેરી ગાંધીનગર દ્વારા બહાર પાડવામાં આવેલ " ભાષા વિવેક " નામની બૂકને ધ્યાનમાં રાખીને તૈયાર કરેલ છે, જે તમને ખુબજ ઉપયોગી થશે.

## ભાષા વિવેક રૂઢિપ્રયોગો

| | | |
|---|---|---|
| 1. અક્કલનું ઓથમીર | : | બુદ્ધિ વિનાનું |
| 2. અગસ્ત્યના વાયદા | : | લાંબા સમયના વાયદા,પુરા ન થાય તેવા વાયદા |
| 3. અડધી રાતે | : | ભારે અગવડને વખતે,કટોકટીની પળે |
| 4. અન્નજળ ઊઠવું | : | જીવવા જેવી સ્થિતિ ના હોવી |
| 5. આકાશ તૂટી પડવું | : | ઓચિંતી આપત્તિ આવવી |
| 6. આંગળીથી નખ વેગળા | : | ભેદભાવ હોવો |
| 7. ઉચાળા ભરવા | : | ઘરવખરી લઇ પલાયન થઇ જાવું |
| 8. ઊંધા પાટા બાંધવા | : | અવળું સમજવું |
| 9. ઓછું આવવું | : | મન દુભાવું |
| 10. કક્કો ખરો કરવો | : | પોતાની વાત પરાણે કબુલ કરાવવી |
| 11. કાચું સોનું | : | અત્યંત ફળદાયી |
| 12. કાન ઉઘાડવા | : | સાચી સ્થિતિ જણાવી કે સમજાવવી |
| 13. કાન ફૂંકવા | : | ખોટું કહીને ચડાવવું |
| 14. કાનનું કાચું | : | ભરમાવે તેમ ભરમાય તેવું |
| 15. કાંડા કાપી આપવા | : | કબુલાત કરી આપવી,લખી આપવું |
| 16. કૂવામાનું દેડકું | : | સંકુચિત વિચારસરણી વાળું |
| 17. કોણીએ ગોળ લગાડવો | : | પોતાનું કામ સાધવા લાલચ આપવી |
| 18. ખબર લેવી | : | ખુબ ઠપકો આપવો |
| 19. ખાડામાં ઉતારવું | : | નુકસાન કરવું |
| 20. ખાતર પર દીવેલ | : | નુકસાન માં વધુ નુકસાન |
| 21. ગણેશ માંડવા | : | આરંભ કરવો |
| 22. ગરદન મારવી | : | ભારે નુકસાન કરવું |
| ૨૩. ગાલે તમાચો મારી મો લાલ કરવું | : | સુખી હોવાનો દેખાવ કરવો |
| 24. ગોળના પાણીએ નહાવું | : | છેતરાવું |
| 25. ઘાસ કાપવું | : | નકામી મહેનત કરવી |
| 26. ઘોળીને પી જવું | : | ગણકારવું નહિ |

www.gkgrip.com

| | | |
|---|---|---|
| 27. ચશમપોશી કરવી | : | દીઠું અદીઠું કરવું |
| 28. ચાર દિવસની ચાંદની | : | થોડા સમયનું સુખ |
| 29. ચાલતી ગાડીએ ચડી જાવું | : | વધુમતિમાં જોડાઈ જવું |
| 30. ચીનનો શાહુકાર | : | પાકો ગઠીયો |
| 31. ચોટલી હાથમાં આવવી | : | દાવપેચમાં આવવું |
| 32. ચૌદમુ રતન | : | મારપીટ |
| 33. છક્કા છૂટી જવા | : | અત્યંત ગભરાઈ જવું |
| 34. છાણે વીંછી ચડાવવો | : | ઉશ્કેરવું,ખોટું ઉત્તેજન આપવું,જાહેર થાય તેમ કરવું |
| 35. છાતી ઠોકીને કહેવું | : | હિંમતપૂર્વક-વિશ્વાસપૂર્વક કહેવું |
| 36. જમીન પર પગના મુકવો | : | ખુબજ જડપથી ચાલવું,ગર્વથી બહેકી જવું |
| 37. જળ મુકવું | : | પ્રતિજ્ઞા લેવી |
| 38. જીવ ઉંચો થવો | : | ચિંતા થવી,ઉચાટ થવો |
| 39. ટકાનું ત્રણ શેર | : | તદ્દન સસ્તું |
| 40. ટાઢા પાણીએ ખસ જવી | : | વગર મુશ્કેલીએ સંકટ જવું |
| 41. ઠંડે પાણીએ નાહી નાખવું | : | આશા છોડી દેવી |
| 42. ઠોકર વાગવી | : | સાચું ભાન થાય તેવી મુશ્કેલી આવવી |
| 43. ડંકો વગાડવો | : | યશસ્વી કાર્ય કરી બતાવવું |
| 44. તડકો છાયડો વેઠવો | : | સુખદુઃખ સહન કરવા |
| 45. તેલ કાઢવું | : | થાકી જાય તેવી રીતે કામ લેવું |
| 46. દાઢીમાં હાથ ઘાલવો | : | ગરજ પૂર્વક મદદ માગવી,ખુશામત કરવી |
| 47. દાંત ખાટા કરવા | : | ત્રાસી જાય એટલે સુધી થકવીને ના ફાવવા દેવું |
| 48. દાંતે તરણું લેવું | : | લાચારી બતાવવી,હાર કબુલ કરવી,દીનાતાથી શરણે જવું |
| 49. નાડ પકડવી | : | ખરૂં કારણ જાણવું |
| 50. પગ ઉપર ઉભા રહેવું | : | પગભર થવું,આત્મનિર્ભર થવું |
| 51. બારમો ચંદ્ર | : | ભારે વિરોધ,શત્રુતા |
| 52. મગજમાં ઊતરવું | : | સમજાઈ જવું |
| 53. રજનું ગજ કરવું | : | વધારીને વાત કરવી |
| 54. લોઢાના ચણા ચાવવા | : | મુશ્કેલ કાર્ય કરવું |
| 55. વળે વળ ઉતારવો | : | બંધબેસતી ગોઠવણી કરવી |
| 56. સીસામાં ઉતારવું | : | ભોળવીને ફસાવું |
| 57. હાથ લાંબા હોવા | : | સામર્થ્ય હોવું |

www.gkgrip.com

# ભાષા વિવેક કહેવતો

| | | |
|---|---|---|
| 1. ઊજળું એટલું દૂધ નહિ | : | બાહ્ય દેખાવાથી છેતરાવું નહિ |
| 2. અણી ચુક્યો સો વરસ જીવે | : | એક વખત નિષ્ફળ કે આફતમાંથી ઉગરી જનાર સફળતાની પરંપરાનો લાભ મેળવે છે. |
| ૩. એક પંથ દો કાજ | : | એકજ વસ્તુથી ઘણા કામ થાય |
| 4. એકડા વગરના મીંડા થવા | : | કિંમત વગરનું થવું |
| 5. ઓળખાણ મોટી ખાણ છે | : | ઓળખાણ હમેશા લાભદાયી નીવડે છે |
| 6. કામ કર્યા તેને કામણ કર્યા | : | કામ કરનાર સૌને પ્રિય લાગે |
| 7. કાંકરે કાંકરે પાળ બંધાય | : | થોડું થોડું કરતા મોટું કામ પણ પાર પડે |
| 8. કુમળું ઝાડ વાળીએ તેમ વળે | : | નાનપણમાં જેટલી સારી ટેવ પાડવી હોય તેટલી પડી શકાય. |
| 9. કોલસાની દલાલીમાં હાથ કાળા | : | દુર્જન સાથે કામ પડવાથી કલંક લાગે |
| 10. ખાડો ખોદે તે પડે | : | કોઈનું બુરું કરવા મથનાર પોતાનુજ ખરાબ થાય |
| 11. ખાતર ઉપર દીવેલ | : | ખર્ચ ઉપર વધુ ખર્ચ |
| 12. ગરજ સરી એટલે વૈદ વેરી | : | સ્વાર્થ પૂરો થતા સંબધ ન રાખનારી વ્યક્તિ |
| 13. ઘરકી મુરગી દાલ બરાબર | : | ઘરની વ્યક્તિની કોઈ કદર થતી નથી |
| 14. ચોરનો ભાઈ ઘંટી ચોર | : | બને સરખા |
| 15. છાશ લેવા જવું ને દોણી સંતાડવી | : | જે કામ માટે જઈએ તેનો નિર્દેશ પણ ન કરવો, કામ કરવું અને તેની શરમ પણ રાખવી તે ઠીક નહિ |
| 16. જાગ્યા ત્યાંથી સવાર | : | દોષ સમજાય કે તરત છોડવો |
| 17. જેવી દષ્ટિ તેવી શૃષ્ટિ | : | જેવા પોતે હોય તેવાજ બીજા લાગે |
| 18.ઝાઝા હાથ રળિયામણા | : | વધારે માણસો હોય તો કામ જલદી અને સારું થાય |
| 19. ઝાઝી કીડીઓ સાપને તાણે | : | ઓસા બળવાન પણ વધારે માણસો વધુ બલાવનાને ફાવે |
| 20. ટકે શેર ભાજી,ટકે શેર ખાજા | : | સારું નરસું સૌ સરખા |
| 21. ડુંગર દુરથી રળિયામણા | : | દુરથી બધુજ સરખું દેખાય,પૂરો પરિચય ના થાય ત્યાં સુધી બધું સારું લાગે |
| 22. ડૂબતો માણસ તરણું પકડે | : | હતાશ થયેલો માણસ ક્ષુલ્લકનો આધાર લે |
| ૨૩. દોરડી બળે પણ વળ ના છોડે | : | પાયમાલ થઇ જાય તોય અકડાઈ ના છોડે |
| 24. દુઃખનું ઓસડ દહાડા | : | સમય પસાર થતા દુઃખની માત્રા ઘટતી જાય |

www.gkgrip.com

| | | |
|---|---|---|
| 25. ધીરજના ફળ મીઠા | : | ધીરજ રાખવાથી અનેક લાભ થાય |
| 26. ધોબીનો કુતરો ન ઘરનો ન ઘાટનો | : | બંને પક્ષને પ્રસન્ન રાખનાર નીષ્ફળ જાય છે. |
| 27. નાચવું નહિ ત્યારે આગણું વાંકું | : | કામ ન કરવું હોય ત્યારે ખોટું બહાનું બતાવવું. |
| 28. પહેલું સુખ તે જાતે નર્યા | : | તંદુરસ્તી એ પ્રથમ સુખ છે. |
| 29. પાડાના વાંકે પખાલીને ડામ | : | એકને વાંકે બીજાને સજા |
| 30. બળીયાના બે ભાગ | : | બળવાન માણસ બળના કારણે હમેશા વધુ લઇ જાય. |
| 31. બાર ભૈયા અને તેર ચૌકા | : | જૂથ નાનું પણ મતભેદ ઘણા. |
| 32. ભાવતું હતુંને વૈદે કહ્યું | : | પોતાને ગમતું હોય અને હિતકારી તેજ કરવાનું કહે. |
| 33. ભણ્યો ભૂલે ને તારો ડુબે | : | સમર્થ વ્યક્તિ પણ થાપ ખાઈ જાય. |
| 34. મારે તેની તલવાર | : | સાધનોનો ઉપયોગ કરે તેનું સાધન ગણાય. |
| 35. મીઠા ઝાડના મૂળ ના ખોદાય | : | કોઈની ઉદારતાનો ગેરલાભ ના લેવાય. |
| 36. મુખમાં રામને બગલમાં છરી | : | દેખાવે સારું પણ દિલથી કપટી. |
| 37. રજનું ગજ કરવું | : | નાની વાતને મોટું સ્વરૂપ આપવું. |
| 38. રાત થોડીને વેશ ઝાઝા | : | સમય ઓછો ને કામ ઘણા. |
| 39. લીલા વનમાં સુડા ઘણા | : | લાભ દેખાય ત્યાં ઘણા દોડી જાય. |
| 40. લોભે લક્ષણ જાય | : | લોભ કરવાથી નુકસાન જાય. |
| 41. વખાણી ખીચડી દાંતે વળગે | : | ખુબ વખાણીએ એજ ખરાબ નીકળે. |
| 42. વગ કરે પગ | : | લાગવગથી કામ પાર પાડી શકાય |
| 43. વાડ વિના વેલો ના ચડે | : | ઊંચું સ્થાન મેળવવા માટે કોઈ મોટી વ્યક્તિની ઓથ લેવી પડે. |
| 44. વાતનું વતેસર કરવું | : | નાની વાતને મોટું સ્વરૂપ આપવું. |
| 45. વાર્યા ના વળે તે હાર્યા વળે | : | સમજવાથી જે ન સમજે તે નિષ્ફળતા મળવાથી તે આપમેળે ઠેકાણે આવી જાય. |
| 46. વિનાશકાળે વિપરીત બુદ્ધિ | : | વિનાશ થવાનો હોય ત્યારે બુદ્ધિથી અવળું સુજે. |
| 47. સબસે બડી ચૂપ | : | શાંત રહેવાથી ફાયદો થાય. |
| 48. સસ્તું ભાડુંને સિદ્ધપુરની જાત્રા | : | માર્યાદિત સાધનોથી સુંદર કામ કરવું. |
| 49. સંગ તેવો રંગ | : | જેવી સોબત તેવી અસર પડે. |
| 50. સંપ ત્યાં જંપ | : | સંપથી શાંતિ અને સુખ મળે. |
| 51. સાચને નહિ આંચ | : | સત્યનો સદા જય થાય. |
| 52. સુથારનું મન બાવળિયે | : | સ્વાર્થમાં નજર હોવી. |
| 53. હાથના કર્યા હૈયે વાગ્યા | : | જેવું કાર્ય કર્યું હોય તેવા ફળ મળે. |

www.gkgrip.com

| | | |
|---|---|---|
| 54. હીરાની પરખ ઝવેરી જ જાણે | : | ગુણની કદર ગુણવાન જ કરી શકે. |
| 55. હોઠ સાજા તો ઉત્તર સાજા | : | વાણી-શક્તિથી પણ ગમે તેનો ઉપાય થાય. |
| 56. હૈયે તેવું હોઠે | : | જેવા વિચાર હોય તેવા વાણીમાં ઉતર્યા વિના રહે નહિ. |
| 57. હૈયું બાળવા કરતા હાથ બાળવા સારા | : | પસ્તાવાનું થાય તેના કરતા વગર કહ્યે કામ કરી નાખવું સારું. |

www.gkgrip.com